NAVSARI AGRICULTURAL UNIVERSITY

નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦

ડૉ. આર. એમ. નાયક ☎ ૯૯૭૯૮૮૮૯૬૨
નિયામક
Web : www.nau.in Email:dswnavsari@nau.in

# પરિપત્ર

વંચાણે : કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના પત્ર ક્રમાંક નકૃયુ/રજી/પીએસઆર/૬૬૭૦/૨૦૨૨, તા.૦૭/૦૭/૨૦૨૨

માન, સરકારશ્રીના આદેશાનુસાર "હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી તા.૧૦/૦૮/૨૦૨૨ થી તા.૧૭/૦૮/૨૦૨૨ દરમ્યાન આયોજીત કરવામાં આવનાર છે. જે અનુસંધાને નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટના કચેરી બિલ્ડીંગ ઉપર ફરજીયાત "ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા" ની માર્ગદર્શિકા મુજબ ધ્વજારોહણ કરવાનું રહેશે. સદરહુ ધ્વજારોહણ તમામ યુનિટ/સબ યુનિટના કચેરી બિલ્ડીંગ ઉપર તા.૧૦/૦૮/૨૦૨૨ સવારે રાષ્ટ્રધ્વજ જે તે યુનિટના વડાશ્રી દ્વારા ફરકાવવો અને તા.૧૭/૦૮/૨૦૨૨ ના સાંજે સૂર્યાસ્ત પહેલા આદર પૂર્વક ઉતારવાનો રહેશે. આ સમયગાળા દરમ્યાન રાષ્ટ્રધ્વજનું માન સન્માન જળવાય તેની સંપૂર્ણ તકેદારી યુનિટ હેડની રહેશે. સદરહુ "હર ઘર તિરંગા" કાર્યક્રમ અન્વયે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે યોજાયેલ મીટીંગની કાર્યનોંધ આ સાથે સામેલ છે. જે મુજબ અન્ય પ્રવૃત્તિઓ કરવાની રહેશે.

સામેલ : કાર્યનોંધ

જા.નં.નકૃયુ/નિવિક/હરઘરતિરંગા/ટે.૮/૪૨૯૯-૪૨૦૦/૨૦૨૨
તા.૨૨/૦૭/૨૦૨૨

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

<u>નકલ સવિનય રવાના પ્રતિ:</u>

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

Azadi Ka Amrit Mahotsav

ડૉ. આર. એમ. નાયક ૯૯૭૯૮૮૮૯૬૨
નિયામક
Web : www.nau.in Email:dswnavsari@nau.in

NATIONAL SERVICE SCHEME

## : "હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી નિમિતે તા.૨૨/૦૭/૨૦૨૨ ના રોજ યોજાયેલ મીટીંગની કાર્યનોંધ :

કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના પત્ર ક્રમાંક નકૃયુ/રજી/પીએસઆર/૬૬૭૦/૨૦૨૨, તા.૦૭/૦૭/૨૦૨૨ ના અનુસંધાને "હર ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી નિમિતે તા.૨૨/૦૭/૨૦૨૨ ના રોજ ૧૦:૦૦ કલાકે નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરી ખાતે નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણના અધ્યક્ષસ્થાને મીટીંગ યોજાયેલ હતી. સદરહુ મીટીંગમાં નીચે જણાવેલ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા:

| ક્રમ | અધિકારીશ્રીનું નામ | હોદ્દો અને કચેરીનું નામ |
|---|---|---|
| ૧ | ડૉ. આર. એમ. નાયક | નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, ન.કૃ.યુ. નવસારી |
| ૨ | કેપ્ટન ડૉ. આદિલ કાઝી | એનસીસી ઓફિસર, અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી |
| ૩ | ડૉ. એમ. પી. આહીર | ટેકનીકલ ઓફિસરશ્રી(NSS), નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરી, ન.કૃ.યુ. નવસારી |
| ૪ | ડૉ. એ. ડી. ચૌધરી | ફિઝીકલ ઇન્સ્ટ્રકટરશ્રી, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરી, ન.કૃ.યુ. નવસારી |
| ૫ | ડૉ. સચિન આર. પટેલ | આસિસ્ટન્ટ નોડલ ઓફિસર, પંચ પ્રકલ્પ યોજના, ન.કૃ.યુ. નવસારી |
| ૬ | કેપ્ટન જી. વી. સવાણી | એનસીસી ઓફિસર, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી |
| ૭ | સબ.લેફ્ટ. ડૉ. એસ. એમ. ગોહિલ | એનસીસી ઓફિસર, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારી |
| ૮ | શ્રી જી. વી. સભાયા | ખેતીવાડી મદદનીશ, નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરી, ન.કૃ.યુ. નવસારી |
| ૯ | શ્રી વી. જી. પટેલ | સીનીયર ક્લાર્ક, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, ન.કૃ.યુ., નવસારી |

બેઠકની શરૂઆતમાં ડૉ. એમ. પી. આહિર, એન.એન.એસ. ટેકનીકલ ઓફિસર દ્વારા સૌ અધિકારીશ્રીઓ/કર્મચારીઓનું સ્વાગત અને કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી. બેઠકના અધ્યક્ષ ડૉ. આર. એમ. નાયક, નિયામકશ્રી, વિદ્યાર્થી, કલ્યાણએ "હર ઘર તિરંગા" કાર્યક્રમ અંગેની માહિતી અને એની અગત્યતા સમજાવી હતી. તેમજ સદર કાર્યક્રમ દરમ્યાન યોજાનાર વિવિધ કાર્યક્રમો માટે નીચે મુજબના જરૂરી વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ : | ધ્વજા રોહણ કરવા બાબત |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટના કચેરી બિલ્ડીંગ ઉપર માન.સરકારશ્રીના આદેશ મુજબ ફરજીયાત "ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા" ની માર્ગદર્શિકા મુજબ ધ્વજારોહણ કરવું. |
| | (અમલ: દરેક યુનિટ/સબ યુનિટના વડાશ્રી) |
| મુદ્દા નં.૨ : | ધ્વજા રોહણના સમય બાબત |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટના કચેરી બિલ્ડીંગ ઉપર તા.૧૦/૦૮/૨૦૨૨ સવારે રાષ્ટ્રધ્વજ જે તે યુનિટના વડાશ્રી દ્વારા ફરકાવવો અને તા.૧૭/૦૮/૨૦૨૨ ના સાંજે સૂર્યાસ્ત પહેલા આદર પૂર્વક ઉતારવાનો રહેશે. આ સમયગાળા દરમ્યાન રાષ્ટ્રધ્વજનું માન સન્માન જળવાય તેની સંપૂર્ણ તકેદારી યુનિટ હેડની રહેશે. |
| | (અમલ: દરેક યુનિટ/સબ યુનિટના વડાશ્રી) |

(પાછળ)

| | |
|---|---|
| મુદ્દા નં.૩ : | રાષ્ટ્રધ્વજ અને ધ્વજસ્તંભની ખરીદી બાબત |
| | મુખ્ય કેમ્પસ ખાતેના યુનિટમાં જો રાષ્ટ્રધ્વજ, દોરી અને ધ્વજસ્તંભ ઉપલબ્ધ ન હોય તેવા યુનિટે તા.૨૬/૦૭/૨૦૨૨, બપોરે ૦૨:૦૦ કલાક સુધી અત્રેની કચેરીને ઇ-મેઈલ દ્વારા જણાવવાનું રહેશે. તેમજ મુખ્ય કેમ્પસ બહારના યુનિટ/સબ યુનિટોએ રાષ્ટ્રધ્વજ, દોરી અને ધ્વજસ્તંભની વ્યવસ્થા જે તે કચેરીએ કરવાની રહેશે. |
| | (અમલ: દરેક યુનિટ/સબ યુનિટના વડાશ્રી) |
| મુદ્દા નં.૪ : | રાષ્ટ્રધ્વજ અને ધ્વજસ્તંભના માપ બાબત... |
| | રાષ્ટ્રધ્વજનું માપ **૦૫ (પાંચ) નંબર (1350 mm x 900 mm)** નો રાખવો. તેમજ ધ્વજસ્તંભની સાઇઝ ડાયામીટર **૨" ઇંચ અને ઊંચાઈ ૧૫ ફૂટની** રાખવાની રહેશે. ધ્વજસ્તંભ સફેદ રંગથી રંગવાનો રહેશે. |
| | (અમલ: દરેક યુનિટ/સબ યુનિટના વડાશ્રી) |
| મુદ્દા નં.૫ : | રાષ્ટ્રધ્વજ અને ધ્વજસ્તંભના ખર્ચ બાબત... |
| | મુખ્ય કેમ્પસ તથા કેમ્પસ બહારના યુનિટ/સબ યુનિટોએ રાષ્ટ્રધ્વજ, દોરી અને ધ્વજસ્તંભની ખરીદી તેમજ તેનો ખર્ચ જે તે યુનિટ/સબ યુનિટના બજેટ સદરે કરવાનો રહેશે. |
| | (અમલ: દરેક યુનિટ/સબ યુનિટના વડાશ્રી) |
| મુદ્દા નં.૬ : | "હર ઘર તિરંગા" કાર્યક્રમ હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન બાબત... |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ મહાવિદ્યાલય અને પોલીટેકનીક ખાતે વિદ્યાર્થીઓની તિરંગાના મહત્વ પર નિબંધ લેખન સ્પર્ધા, ભારતના રાષ્ટ્રધ્વજની વિકાસ યાત્રા-પ્રદર્શન(વિદ્યાર્થીઓ જાતે ચાર્ટ પેપર પર ધ્વજ દોરી તેનો ઇતિહાસ લખી પ્રદર્શિત કરે) તેમજ ત્રિરંગા માર્ચનું આયોજન કરવાનું રહેશે. |
| | (અમલ: આચાર્યશ્રી, તમામ મહાવિદ્યાલય/પોલીટેકનીક) |
| મુદ્દા નં.૭ : | "હર ઘર તિરંગા" કાર્યક્રમનું અહેવાલ કરવા બાબત... |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટોએ ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કરેલ ધ્વજારોહણ કાર્યક્રમનો અહેવાલ સોફ્ટ કોપી MS Word માં ફોટોગ્રાફ સહિત તૈયાર કરી અત્રેની કચેરીને તા.૧૮/૦૮/૨૦૨૨ સુધીમાં ઈ-મેઈલ dswnavsari@nau.in પર મોકલી આપવાનો રહેશે. |
| | (અમલ: દરેક યુનિટ/સબ યુનિટના વડાશ્રી) |

બેઠકના અંતે ડૉ. મનીષ પી. આહીર દ્વારા ઉપસ્થિત તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરવામાં આવી.

જા.નં.:નકૃયુ/નિવિક/ટે.૩/હરઘરતિરંગા/૪૨૬૯-૮૦/૨૦૨૨
તારીખ :૨૨/૦૭/૨૦૨૨

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

**નકલ સવિનય રવાના:**

૧. તમામ યુનિટ/સબ યુનિટના વડાશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.